# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ 2020-21 માટે**
**ધોરણ-12 : રાજ્યશાસ્ત્ર (023) (સામાન્ય પ્રવાહ)**
**વાર્ષિક પરીક્ષા**

**સમય : 3 કલાક** **પ્રશ્નપત્રનું પરિરૂપ** **કુલ ગુણ : 100**

**નોંધ :** આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મૉડરેટર્સના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મૉડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

**હેતુઓ પ્રમાણે ગુણભાર :**

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | સંયોજન / કૌશલ્ય (S) | કુલ |
|---|---|---|---|---|---|
| ગુણ | 34 | 44 | 17 | 05 | 100 |
| ટકા | 34 | 44 | 17 | 05 | 100 |

**પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :**

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના | જનરલ વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 15 | 15 | 15 |
| 2. | અતિ ટૂંક જવાબી પ્રશ્નો (VSA) | 15 | 15 | 15 |
| 3. | ટૂંક જવાબી પ્રશ્નો (SA-I) | 14 | 18 | 28 |
| 4. | ટૂંક જવાબી પ્રશ્નો (SA-II) | 09 | 12 | 27 |
| 5. | લાંબા પ્રશ્નો (LA) | 03 | 05 | 15 |
| | કુલ | **56** | **65** | **100** |

**પ્રકરણદીઠ ગુણભાર :**

| ક્રમ | પાઠ / પ્રકરણનું નામ | પ્રકરણદીઠ ગુણભાર | |
|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના ગુણ | જનરલ વિકલ્પ સાથે ગુણ |
| 1. | ભારતમાં પક્ષપ્રથાનું સ્વરૂપ | 18 | 20 |
| 2. | ભારતમાં ચૂંટણીઓ | 18 | 20 |
| 3. | ભારતીય લોકશાહી સામેના પડકારો અને પ્રતિભાવો | 18 | 20 |
| 4. | વિકાસ અને લોકશાહી | 15 | 25 |
| 5. | શાંતિ અને વિકાસ | 15 | 18 |
| 6. | ભારત અને વિશ્વ | 16 | 24 |
| | કુલ | **100** | **127** |

**નોંધ :** જનરલ વિકલ્પ સાથે દર્શાવેલ પ્રશ્નના ગુણ નમૂનાના પ્રશ્નપત્ર પ્રમાણે દર્શાવેલ છે. અન્ય પ્રશ્નપત્ર માટે આ ગુણ અલગ હોઈ શકે છે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ 2020-21 માટે**
**ધોરણ-12 : રાજ્યશાસ્ત્ર (023) (સામાન્ય પ્રવાહ)**
**વાર્ષિક પરીક્ષા**

**સમય : 3 કલાક** **પ્રશ્નપત્રનું માળખું** **કુલ ગુણ : 100**

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| 1 થી 15 | **વિભાગ - A**<br>નીચેના આપેલા પ્રશ્નક્રમાંક 1 થી 15 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલ 4 (ચાર) વિકલ્પ (A,B,C,D) પૈકી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો. (દરેકના 1 ગુણ) | 15 |
| 16 થી 30 | **વિભાગ - B**<br>નીચે આપેલા પ્રશ્નક્રમાંક 16 થી 30 સુધીના પ્રશ્નોના એક વાક્ય માં જવાબ લખો. (દરેકનો 1 ગુણ) | 15 |
| 31 થી 48 | **વિભાગ - C**<br>નીચે આપેલા પ્રશ્નક્રમાંક 31 થી 48 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 14 (ચૌદ) પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (દરેકના 2 ગુણ) | 28 |
| 49 થી 60 | **વિભાગ - D**<br>નીચે આપેલા પ્રશ્નક્રમાંક 49 થી 60 સુધીના પ્રશ્નોમાંથી કોઈ પણ 9 પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. (દરેકના 3 ગુણ) | 27 |
| 61 થી 65 | **વિભાગ - E**<br>નીચે આપેલા પ્રશ્નક્રમાંક 61 થી 65 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 3 (ત્રણ) પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. (દરેકના 5 ગુણ) | 15 |
| | **કુલ** | **100** |

**નોંધ :** ગુ.મા.ઉ.મા.શિ. બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ 2020-21 માટે અભ્યાસક્રમના રદ કરેલા પ્રકરણ/મુદ્દાઓમાંથી પ્રશ્નો પૂછવા નહિ.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ 2020-21 માટે**
**ધોરણ-12 : રાજ્યશાસ્ત્ર (023) (સામાન્ય પ્રવાહ)**
**વાર્ષિક પરીક્ષા**
**નમૂનાનું પ્રશ્નપત્ર**

**સમય : 3 કલાક** **કુલ ગુણ : 100**

**સૂચનાઓ :**

- જવાબ આપતા પહેલાં પ્રશ્નોને કાળજીપૂર્વક વાંચી સૂચના મુજબ લખો.
- આ પ્રશ્નપત્રમાં કુલ 5 (પાંચ) વિભાગ છે.
- નવો વિભાગ નવા પેજથી શરૂ કરો.

## વિભાગ - A

- **નીચેના આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો. (દરેકનો 1 ગુણ)** **[15]**

(1) ભારતમાં કેન્દ્ર કક્ષાએ મિશ્ર સરકારનો યુગ શરૂ થયો.
(A) 1947 (B) 1989 (C) 1952 (D) 1991

(2) ભારતમાં માન્ય વિરોધપક્ષ માટે લોકસભામાં જરૂરી સભ્ય સંખ્યા.
(A) 10 % (B) 16 % (C) 20 % (D) 50%

(3) વૈકલ્પિક સરકારની રચના કરે છે.
(A) રાજકીય પક્ષો (B) વિરોધ પક્ષ (C) અપક્ષ (D) સત્તાધારી પક્ષ

(4) ઈલેક્શન શબ્દ કઈ ભાષા પરથી ઉતરી આવ્યો.
(A) લેટિન (B) ગ્રીક (C) અરેબિક (D) સંસ્કૃત

(5) ભારતમાં ચૂંટણી કમિશનરની નિમણૂક કોણ કરે છે ?
(A) વડાપ્રધાન (B) ચૂંટણી પંચ (C) રાષ્ટ્રપતિ (D) ઉપરાષ્ટ્રપતિ

(6) ભારતમાં કેટલા વર્ષે મતાધિકાર અપાય છે ?
(A) 19 (B) 18 (C) 21 (D) 20

(7) અનુસૂચિત જાતિ એ કેવા પ્રકારની કેટેગરી છે ?
(A) સામાન્ય (B) બંધારણીય (C) સરળ (D) એકપણ નહીં

(8) નક્સલવાદનો ઉદ્‌ભવ કયા રાજ્યમાંથી થયો હતો ?
(A) બિહાર (B) રાજસ્થાન (C) પશ્ચિમ બંગાળ (D) કેરળ

(9) ‘ઓપરેશન બ્લેક બોર્ડ’ની ઝુંબેશ કોની સાથે સંકળાયેલી છે ?
(A) પ્રાથમિક શિક્ષણ (B) માધ્યમિક શિક્ષણ (C) ઉચ્ચ શિક્ષણ (D) પ્રૌઢ શિક્ષણ

(10) નીતિ આયોગની રચના ક્યારે કરાઈ ?
(A) 2008 (B) 2014 (C) 2015 (D) 2016

(11) ગુજરાતમાં અન્ય પછાત વર્ગો માટે કયું પંચ નિમાયેલું ?
(A) ભુરીયા પંચ (B) બક્ષી પંચ (C) કાલેલકર પંચ (D) મંડલ પંચ

(12) શાંતિના ખ્યાલના ખ્યાતનામ અભ્યાસી કોણ ગણાય છે ?
(A) જહોન ગાલ્ટુંગ (B) અબ્રાહમ લિંકન (C) ગ્રોશિયસ (D) સોક્રેટિસ

(13) કયા દિવસને યુ.એન. દ્વારા વિશ્વશાંતિ દિન તરીકે ઉજવવામાં આવે છે ?
(A) 21 ઑક્ટોબર (B) 21 નવેમ્બર (C) 21 સપ્ટેમ્બર (D) 21 ડિસેમ્બર

(14) સાર્કનું વડુ મથક નેપાળમાં ક્યાં આવેલું છે ?

(A) ઢાકા (B) જનકપુર (C) ગંગરોક (D) કાઠમંડુ

(15) પંચશીલના સિધ્ધાંતોના સ્થાપક છે.

(A) જવાહરલાલ નેહરુ (B) ગાંધીજી

(C) લાલબહાદુર શાસ્ત્રી (D) સરદાર પટેલ

**વિભાગ - B**

- **નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો (દરેકનો 1 ગુણ)** **[15]**

(16) લોકશાહીના પ્રકાર જણાવો.

(17) ભારતમાં લોકસભામાં કુલ કેટલા સભ્યો હોય છે ?

(18) સોશ્યલ મીડિયાના બે ઉદાહરણ આપો.

(19) ભારત જેવા વિશાળ દેશમાં ચૂંટણી પ્રક્રિયાનું કાર્ય કેવું છે ?

(20) RTE નું પૂરું નામ જણાવો.

(21) ભારતીય લોકશાહી સામેનો સૌથી મોટો પડકાર કયો છે ?

(22) વિકાસ એટલે શું ?

(23) બંધારણની કઈ કલમ અસ્પૃશ્યતાની નાબુદી કરે છે ?

(24) ઈ.સ. 2002 ના વર્ષને આપણે કયા વર્ષ તરીકે ઉજવ્યું ?

(25) અનુસૂચિત જનજાતિના વિકાસ માટે કયું પંચ નિમાયેલું ?

(26) ભારતે ક્યારે પરમાણું પરીક્ષણ કર્યા હતા ?

(27) ટકાઉ વિકાસનો ખ્યાલ કોણે આપ્યો ?

(28) માનવહક દિન તરીકે કયા દિવસને ઉજવીએ છીએ ?

(29) બાંગ્લાદેશનો ઉદ્ભવ ક્યારે થયો હતો ?

(30) કયા દિવસને આંતરરાષ્ટ્રીય 'યોગ દિન' તરીકે ઉજવવામાં આવે છે ?

**વિભાગ - C**

- **નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ 14 પ્રશ્નોના ઉત્તર સંક્ષિપ્તમાં લખો. (દરેકના 2 ગુણ)** **[28]**

(31) વિરોધપક્ષ કોને કહેવાય ?

(32) એકપક્ષ પ્રથા એટલે શું ?

(33) 'સ્ટેટ ફન્ડિંગ' એટલે શું ?

(34) ચૂંટણી પંચની સ્વાયતતા અને તટસ્થતા શા માટે જરૂરી છે ?

(35) ગરીબીનો સામાન્ય અર્થ આપો.

(36) અલગતાવાદ એટલે શું ?

(37) સામાન્ય રીતે આદિવાસીઓ તરીકે કોને ઓળખવામાં આવે છે ?

(38) મહિલા સશક્તિકરણ એટલે શું ?

(39) વિકાસની પ્રક્રિયાના માર્ગો જણાવો ?

(40) નીતિ આયોગની રચના શા માટે કરાઈ ?

(41) નિ:શસ્ત્રીકરણ એટલે શું ?

(42) પ્રો. ગાલ્ટુંગે હિંસાના કયા બે પ્રકાર પાડ્યા છે ?

(43) શાંતિ શા માટે મહત્ત્વની છે ?

(44) સર્વગ્રાહી વિકાસનું આધુનિક મોડેલ કોને કહે છે ?

(45) સાર્ક એટલે શું ?

(46) ઉદારીકરણ એટલે શું ?

(47) G-4 ક્યા હેતુથી રચવામાં આવેલું સંગઠન છે ?

(48) બ્રિક્સ શું છે ?

## વિભાગ - D

- **નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ 9 પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર લખો. (દરેકના 3 ગુણ)** **[27]**

(49) રાજકીય પક્ષનાં કાર્યો જણાવો.

(50) સંગીન અને અસરકારક લોકમત માટેની જરૂરિયાતો જણાવો.

(51) ચૂંટણીનું મહત્ત્વ સમજાવો.

(52) સાર્વત્રિક પુખ્તવય મત્તાધિકાર સમજાવો.

(53) પ્રાદેશિક અસમતુલા ઊભી થવાનાં કારણો જણાવો.

(54) પ્રદેશવાદ અને અલગતાવાદ વચ્ચેનો તફાવત જણાવો.

(55) નીતિ આયોગની સ્થાપનાના હેતુઓ જણાવો.

(56) જિલ્લા વિકાસ ઍજન્સીની ભૂમિકા સમજાવો.

(57) રાજ્યમાં શાંતિ સ્થાપવા માટેની પૂર્વ શરતો જણાવો.

(58) રાજ્યો દ્વારા નિ:શસ્ત્રીકરણ માટે થયેલા પ્રયાસો જણાવો.

(59) ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો સમજાવો.

(60) વૈશ્વિકીકરણના સંદર્ભમાં રાજ્યની ભૂમિકા સમજાવો.

## વિભાગ - E

- **નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ 3 પ્રશ્નોના ઉત્તર સવિસ્તાર લખો. (દરેકના 5 ગુણ)** **[15]**

(61) રાજકીય પક્ષના લાભોની ચર્ચા કરો.

(62) ભારતમાં મતદાનને પ્રભાવિત કરતા લાંબા ગાળાનાં પરિબળો સમજાવો.

(63) ભારતમાં સાક્ષરતા વૃધ્ધિ માટે કરવામાં આવતા પ્રયત્નો સમજાવો.

(64) મહિલા વિકાસ અને મહિલા કલ્યાણ માટેના પ્રયત્નોનું મૂલ્યાંકન કરો.

(65) બિન જોડાણવાદની નીતિમાં ભારતની ભૂમિકા સ્પષ્ટ કરો.

●●●